# જિલ્લા કક્ષાએ યોજાયેલ વર્ષ-૨૦૦૭માં લેવામાં આવેલ ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરિક્ષાનો ઈનામ વિતરણ સમારંભ

**ભા૦ સં૦ જ્ઞાન પરીક્ષા સમિતિ ગાયત્રી શ૦ ગોધરા-જી.પંચમહાલ**

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજના તત્ત્વાવધાનમાં રાષ્ટ્રીય સ્તરે ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા દર વર્ષે લેવામાં આવે છે. જેમાં ચાલુ વર્ષે પંચમહાલ જિલ્લામાં પણ ૨૫૦૦૦ થી વધુ બાળકોએ ભાગ લીધો હતો. જેનો તા-૧૭ ફેબ્રુઆરીના દિવસે ગાયત્રી શક્તિપીઠના પ્રજ્ઞા હૉલમાં જીલ્લા સ્તરે ઈનામ વિતરણ સમારંભ રાખવામાં આવ્યો હતો.


ભા.સં.જ્ઞા.પરીક્ષાનું ઈનામ વિતરણ કરી રહેલ ડૉ.સાહેરવાલા

કાર્યક્રમના આરંભમાં પ્રજ્ઞાગીતો રજુ કરવામાં આવ્યા. ત્યારબાદ અતિથિશ્રીઓના વરદ્હસ્તે દીપ પ્રગટાવી પૂજન કરી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો. એજ ક્રમમાં મહેમાનોનું તિલક, પુષ્પગુચ્છ સાથે હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું.

ડૉ.સાહેરવાલાએ પોતાના વક્તવ્યમાં કહ્યું કે ગાયત્રી પરિવારની નિ:સ્વાર્થ સેવા સમાજને આગળ લાવવા મદદ કરે છે. બધા જ ધર્મના બાળકો આ પરીક્ષામાં ભાગ લે છે. તે સૌથી મોટી વાત છે. આઈ.ટી. આઈ.ગોધરાના પ્રિન્સીપાલ શ્રી બારીયા સાહેબે કહ્યું કે આજના મા-બાપ તો પોતાના બાળકોને પણ સંસ્કાર આપવાનો સમય ફાળવી શકતા નથી. જ્યારે ગાયત્રી પરિવાર શાળાઓમાં જઈને સંસ્કાર અને જ્ઞાન પીરસે છે તેનાથી જરૂર બાળકોમાં ભારતીય સંસ્કૃતિનું જ્ઞાન વધશે તથા સંસ્કારી બનશે. વેજલપુર કે.કે.હાઈસ્કુલના આચાર્યશ્રી મનીષભાઈ કણસાગરા સાહેબે કહ્યું કે વિના સંસ્કાર નહીં ઉદ્ધારનો ભાવ બતાવી સંસ્કારો ઉપર ભાર મુક્યો હતો. ચમનલાલ પ્રાથમિક શાળાના આચાર્યશ્રી જ્યોત્સનાબેન પંચાલે બાળકોને ચારીશ્ર્યવાન બનાવવા તે આપણા સૌની જવાબદારી છે. જેમાં ગાયત્રી પરિવાર મહત્ત્વની ભૂમિકા ભજવે છે. બાળ અને મહિલા કલ્યાણ સમિતિના અધ્યક્ષ (પંચમહાલ) શ્રીમતી રમીલાબેન અમીને પણ ગાયત્રી પરિવારની પ્રવૃત્તિને બીરદાવી પોતાનાથી બનતો સહકાર આપવાની ખાત્રી આપી હતી. આર્ટસ કૉલેજના પ્રોફેસર ડૉ.દિવાકર ગોરે કહ્યું કે ગાયત્રી પરિવાર દ્વારા શ્રેષ્ઠ કાર્યો થાય છે અને સમાજમાં થતા રહેશે તો સંસ્કૃતિ શિખરે જઈ લોકકલ્યાણનું કાર્ય કરતી રહેશે.

ગોધરા તાલુકા શિક્ષક સંઘના પ્રમુખ ભુપેન્દ્રસિંહ સોલંકીએ આવનાર સમયમાં વધુ બાળકો ગોધરા તાલુકામાંથી બેસાડવાની ખાત્રી આપી. તેમણે કહ્યું કે બાળકોમાં સંસ્કાર સિંચનનું કામ ગાયત્રી પરિવાર જ કરે છે. વધુમાં આમંત્રણ બદલ આભાર વ્યક્ત કર્યો હતો. શ્રી ગજ્જર સાહેબે પ્રસંગને અનુરૂપ સંબોધન કરી આવનાર સમયમાં વધુ બાળકો બેસાડવા સંકલ્પ કર્યો. સંયોજક શ્રી રામજીભાઈ ગરાસીયાએ ગુરુદેવની સપ્તક્રાંતિ વિશે માહિતી આપી.

ગાયત્રી શક્તિપીઠના ટ્રસ્ટી શ્રી દુષ્યંતભાઈ પાઠક દ્વારા આમંત્રિત મહેમાનોનું શાબ્દીક સ્વાગત કરવામાં આવ્યું. પરીક્ષા સમિતિના સંયોજક શ્રી કનુભાઈ પટેલે ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા કેમ અને શા માટે લેવામાં આવે છે તે સમજાવ્યું. વજેસિંહ બારીયાએ તાલુકાવાર કેટલા બાળકોએ ભાગ લીધો તથા સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાનું મહત્ત્વ સમજાવી આવતા વર્ષે વધુ સહકાર આપવા આવાહન કર્યું. કનુભાઈ પટેલ (સમ્રાટ નગર) જીલ્લા લેવલે લીધેલ પરીક્ષાના વિજેતા બાળકોના નામ જાહેર કર્યા હતા. ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાનું સંચાલન બાબુભાઈ સાંકલાએ સંભાર્યું હતું.

ભા.સં.જ્ઞાન પરીક્ષામાં જીલ્લા તથા તાલુકા લેવલે પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાને આવેલ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામો આપવામાં આવ્યા. કુલ ૧૪૪ જેટલા વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા. આ બાળકોને મહાનુભાવો તથા અગ્રણી કાર્યકર્તાઓના હસ્તે ઈનામો તથા ટ્રોફી અને સ્વયં દીપક બનો પુસ્તકો આપવામાં આવ્યાં. આ કાર્યક્રમમાં ભાગ લેનારી દરેક સ્કૂલોમાં ભારતમાતાનો લેમીનેશન ફોટો અને રાષ્ટ્રગૌરવ પુસ્તક ભેટ આપવામાં આવ્યું.

અંતમાં સ્વ.પુનમભાઈ પટેલ (વરધરી)ની યાદમાં શ્રીમતી વર્ષાબેન પટેલે તમામ વિજેતા બાળકોને ઇંગ્લીશ ડીક્શનરી આપી તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. કુ.રૂકસાના બાનુ (ગર્લ્સ હાઈસ્કૂલ ગોધરા) પોતાના વક્તવ્યમાં કહ્યું કે ગાયત્રી પરિવાર દ્વારા ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા લેવાય છે, જે જ્ઞાનવર્ધક છે તેમાં તમામ બાળકોને ભાગ લેવા આવાહન કર્યું. છેલ્લે આમંત્રીત મહેમાનોને સ્મૃતિ ચિહ્ન તથા રાષ્ટ્ર ગૌરવ બુક આપવામાં આવી. ત્યારબાદ ભોજન પ્રસાદ બાદ કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમને સફળ બનાવવા ગોધરા ગાયત્રી પરિવારના પરિજનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## શાળાના વિશેષ પ્રયત્નનું સ્વાગત

**પાણીપત (હરિયાણા)**

આ વર્ષે પાણીપત જિલ્લાની નિઝામપુરા સરકારી માધ્યમિક શાળાએ પોતાની શાળાના સો ટકા બાળકો આ પરીક્ષામાં ભાગ લેવા પ્રોત્સાહિત કરી અત્યંત ઉત્કૃષ્ટ કામ કર્યું છે. જિલ્લાના અગ્રગણ્ય પરિજનોએ તેની આ પ્રશંસનીય પહેલનું સ્વાગત કરવા માટે શાળામાં એક ખાસ સમારંભનું આયોજન રાખ્યું હતું. આ પ્રસંગે મુખ્ય શિક્ષિકા શ્રીમતી સુદેશકુમારી અને શિક્ષક ભાઈઓ પૈકી શ્રી સુરેશકુમાર, ગોપાલકૃષ્ણ, બલવાનસિંહ, શ્રીમતી રોશની દેવી વગેરેનું ગામના અગ્રગણ્ય નાગરિકોની હાજરીમાં સન્માન કરવામાં આવ્યું. ગાયત્રી પરિવારના શ્રી ઓમ પ્રકાશ શર્મા અને પૃથ્વીસિંહે શાળામાં પ્રથમ આવેલ ધોરણ-૭ની વિદ્યાર્થીની કુમારી પૂજા સુરેશ કુમારીએ શાંતિકુંજના નૈતિક શિક્ષણના વિસ્તાર-વિકાસના પ્રયત્નોની મુક્તકંઠે પ્રશંસા કરી.

**બુલંદ શહેર (ઉત્તરપ્રદેશ)**

તા-૧૫ ફેબ્રુઆરીના દિવસે બુલંદ શહેરમાં આવેલ પન્નીનગરની ગાયત્રી સંસ્કાર પીઠ પર જિલ્લા કક્ષાએ ઈનામ વિતરણ સમારંભ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ સ્થાને ઉત્તર પ્રદેશના ઔદ્યોગિક વિકાસ નિગમના ઉપાધ્યક્ષ (રાજ્યમંત્રી) શ્રી રાજકુમાર ગૌતમ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ આ પરીક્ષાને જિલ્લાની તમામ શાળાઓમાં અનિવાર્ય બનાવવા પર ભાર મુક્યો. અતિથિ વિશેષ સ્થાને ઉપસ્થિત રહેલ ઉત્તર પ્રદેશના એસ.સી.એસ.ટી. કમિશનના સભ્ય શ્રી વીરસિંહ ગૌતમ તથા જિલ્લાના બૈઝિક શિક્ષણાધિકારી શ્રી રમેશચંદ્ર વર્માએ અગામી વર્ષે પરીક્ષામાં પૂરેપૂરો સહકાર આપવા વચન આપ્યું. પ્રમુખ સ્થાને ઉપસ્થિત રહેલ ડાયટ આચાર્ય શ્રી વાઈ.એન.સિંહે પરીક્ષાના મહત્ત્વ પર પ્રકાશ ફેંક્યો.

નોએડામાં આવેલ ગાયત્રી ચેતના કેન્દ્રના શ્રી પ્રદીપ દીક્ષિતે આ પરીક્ષાનો ઉદ્દેશ્ય અને ભાવી યોજનાની જાણકારી આપી. જિલ્લાના કન્વીનર શ્રી રાજવીર વર્મા (મુખ્ય આચાર્ય) એ પ્રગતિનો અહેવાલ રજુ કર્યો. જિલ્લામાં ચારે વર્ગમાં વધુ ગુણ મેળવી ઉચ્ચ નંબરે ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને મુખ્ય અતિથિના વરદ્હસ્તે ઈનામ આપી જાહેર સન્માન કરવામાં આવ્યું. તાલુકા કક્ષાએ ઉચ્ચ નંબરે આવેલ વિદ્યાર્થીઓને પણ ઈનામ આપી સન્માન કરવામાં આવ્યું. વિશેષ સહયોગી મુખ્ય આચાર્ય કેપ્ટન પી.કે.શર્મા, ડૉ.ઓમપ્રકાશ શર્મા વગેરેનું પણ સન્માન કરવામાં આવ્યું.

વર્ષ-૨૦૦૭માં જિલ્લાના ૩૧ હજાર વિદ્યાર્થીઓએ આ પરીક્ષામાં ભાગ લીધો હતો. આર.એસ.ના વિભાગ પ્રચારક ભવાનીજી આ સમારંભના અતિથિ વિશેષ સ્થાને ઉપસ્થિત રહ્યા હતા. ઉપઝોન કન્વીનર શ્રી કુલદીપ મિત્તલ સહિત અનેક પરિજનો ઉપસ્થિત રહ્યા હતા.

## મંત્રી શ્રી પાસેથી મળેલ સેવાની નવી જવાબદારી

**વિલાસપુર (હિમાચલ પ્રદેશ)**

વસંત પંચમીના પવિત્ર પર્વ પર વિલાસપુરની ગાયત્રી શક્તિપીઠ પર વર્ષ-૨૦૦૭માં લેવામાં આવેલ ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાનો જિલ્લા કક્ષાએ ઈનામ વિતરણ સમારંભ યોજવામાં આવ્યો હતો. આ સમારંભના મુખ્ય અતિથિ સ્થાને પ્રદેશના જંગલ તથા ટેલિકોમ્યુનિકેશન ટેક્નોલોજી ખાતાના મંત્રી શ્રી જગત પ્રકાશ નડ્ડા ઉપસ્થિત રહ્યા હતા. જેઓએ જિલ્લા તથા તાલુકા કક્ષાએ ઉચ્ચ નંબરે ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ ઉપરાંત રાજ્યની ઉચ્ચ નંબરે ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓની યાદીમાં સ્થાન મેળવનાર જિલ્લાના વિદ્યાર્થીઓનું પણ સન્માન કરવામાં આવ્યું. તેઓએ પોતાના વક્તવ્યમાં સંસ્કાર તથા સંસ્કૃતિને ક્રમશ: વ્યક્તિ તથા સમાજનો મૂલ્યવાન નિધિ બતાવતા તેને સાચવી રાખવા માટે હંમેશા તત્પર રહેવા પ્રેરણા આપી.

જિલ્લા કન્વીનર શ્રી રમેશ ટંડને મંત્રીશ્રીને શાંતિકુંજ તથા દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયનો પરિચય આપતાં ગાયત્રી પરિવારની પ્રવૃતિઓની જાણકારી આપી. તેઓએ મુખ્યત્વે ગાયત્રી પરિવાર દ્વારા પર્યાવરણની જાળવણી તથા ઉર્જાના બચાવ માટે કરવામાં આવી રહેલ કામથી અવગત કરાવ્યા. પરિણામ સ્વરૂપે મંત્રીશ્રીએ પ્રાદેશિક યોજનામાં એક આદર્શ સ્વયં સેવક સંસ્થાની ભૂમિકા નિભાવવા ગાયત્રી પરિવારને આમંત્રણ આપ્યું. પ્રાદેશિક કન્વીનર શ્રી શાલીગરામ અત્રિએ ઉપાસના, સાધના, આરાધનાના મહત્ત્વ પર પ્રકાશ ફેંક્યો. વસંત પર્વ પર જન્મદિવસોત્સવ, દીક્ષા વગેરે સંસ્કાર પણ કરાવવામાં આવ્યા.


વિલાસપુરમાં ઉચ્ચ નંબર મેળવેલ વિદ્યાર્થીઓને પુરસ્કાર પ્રદાન કરી રહેલ હિમાચલ પ્રદેશના રાજ્યના મંત્રી શ્રી જગત પ્રકાશ નડ્ડા

**અંતરાત્મા એ ન્યાયાધીશ છે, જે કુકર્મોનો દંડ આપ્યા વગર નથી રહેતો, પરંતુ ન કરવાની ચેતવણી એના પહેલાં અનેકવાર આપી ચુક્યો હોય છે.**